# ઓરડાનાં પદ

## પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાવાળો છેલ ૧

નિરખ્યા નેણા ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ ૨

ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર ૩

આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર
પૂછ્યા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર ૪

કહો ને હરિ ક્યાં હતાં રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર
સુંદર શોભતા રે, અંગે સજ્યા છે શણગાર ૫

પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથણલી સુખદેણ
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ ૬

ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય ૭

મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમુલ્ય
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય ૮

રેશમી કોરનો રે, કરમાં સાલ્યો છે રૂમાલ
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ ૯

## પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ ૧

પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર ૨

બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર
તોરા પાઘમાં રે, ત પર મધુકર કરે ગુંજાર ૩

બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌના ચિત્ત ૪

સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર
ચોરે ચિત્તને રે, હસ્તા કમળ નયનની કોર ૫

હસ્તા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ ૬

અદ્‌ભુત ઉપમા રે, કહેતા શેષ ન પામે પાર
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર ૭

વ્હાલપ વેણમાં રે, નેણા કરૂણામાં ભરપૂર
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણીત સૂર ૮

કરતા વાતડી રે, બોલી અમૃત સરખા વેણ
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ ૯

## ૫૬-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નર નારી હરિજન
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું મન ૧

મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત ૨

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ ૩

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય ૪

તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર
દુર્લભ દેવને રે, મારો કોઇ ન પામે પાર ૫

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન ૬

અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય ૭

એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી ૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ
પ્રેમાનંદનો રે, વ્હાલો વર્ષ્યા અમૃત મેહ ૯

## પદ-૪

વળી સૌ સાંભળો ર, મારી વાર્તા પરમ અનુપ
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ ૧

સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઇ નિષ્કામ ૨

સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ
તો તમે મેલજો રે, મિથ્યા પંચ વિષયની આશ ૩

મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર
પ્રીતિ તોડજો રે, જૂઠા જાણી કુટુંબ પરિવાર ૪

સૌ તમે પાળજો રે, સર્વે દ્દઢ કરી મારા નિયમ
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ ૫

સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ
લટકા હાથનાં રે, કરતા શોભ નટવર વેશ ૬

નિજ જન ઉપરે રે, અમૃત વર્ષ્યા આનંદ કંદ
જમ સૌ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ ૭

શોભ સંતમાં રે, જેમ કોઇ ઉડુગણમાં ઉડુરાજ
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવાં જનનાં કાજ ૮

આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર
પ્રેમાનંદનો રે, સ્વામિ લેશે તેની સાર ૯